**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૩૧/૦૮/૨૦૧૭ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૭૫૨/૧૭**

## નવરંગપુરાના સીનીયર સીટીઝન રસિકલાલ મહેતાના મર્ડર કેસનો ભેદ ઉકેલી આરોપીને રાજસ્થાન ખાતેથી ધરપકડ કરતી અમદાવાદ શહેર પોલીસ

તા.૨૫/૦૮/૨૦૧૭ ના રોજ અમદાવાદ શહેરના નવરંગપુરા વિસ્તારમાં સ્ટેડીયમ પાંચ રસ્તા પાસે આવેલ દર્શન સોસાયટીના બંગલા નંબર૧૪ માં પોતાના પરિવાર સાથે રહેતા રસીકલાલ સાંકળચંદ મહેતા ઉવ.૯૩ નાઓ પોતાના જ બેડ રુમમાં રાત્રિના સમયે સુતા હતા તે વખતે કોઈ અજાણ્યા ઈસમે તેઓના બંગલામાં પ્રવેશ કરી બેડરુમમમાં જઈ તેઓના મોંઢામાં કપડાનો ડુચો મારી મોત નિપજાવી દીધેલ તેમજ બંગલાની બહાર પાર્ક કરેલ ટોયોટા અલ્ટીસ કાર નંબરGJ 1 RP 9003 ની ચોરી કરી કોઈ અજાણ્યો ઈસમ નાસી ગયેલ હોય આ મર્ડર બાબતે તેઓના પુત્ર કમલેશભાઈ રસીકલાલ મહેતાએ ફરિયાદ આપતાં નવરંગપુરા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુર.નં.૧૨૮/૧૭ ઈ.પી.કો. કલમ ૩૦૨, ૩૯૨ મુજબનો ગુનો તા ૨૬/૦૮/૨૦૧૭ ના રોજ દાખલ થયેલ.

ઉપરોક્ત સીનીયર સીટીઝન રસીકલાલ મહેતા ઉ.વ.૯૩ નાઓના મર્ડર અંગેની ગંભીર નોંધ લઈ આ ખુન કેસનો ભેદ ઉકેલવા સારૂં અને તેઓના હત્યારાને ત્વરિત પકડી પાડવા અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ તથા સંયુક્ત પોલીસ કમિશ્નર ક્રાઈમ બ્રાન્ચ શ્રી જે.કે.ભટ્ટ, સંયુકત પોલીસ કમિશ્નર સેકટર-૧ શ્રી પિયુષ પટેલ નાઓની સુચના મુજબ શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઇમ બ્રાંચ શ્રી બીપીન આહીર નાયબ પોલીસ કમિશ્નર, ઝોન-૧ નાઓના સીધા માર્ગદર્શન હેઠળ શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા મદદનીશ પોલીસ કમિશ્નર, ક્રાઇમ બ્રાન્ચ, શ્રી આસુતોષ પરમાર મદદનીશ પોલીસ કમિશ્નર '' બી '' ડિવીઝન અમદાવાદ શહેર નાઓએ આ મર્ડર કેસનો ભેદ ઉકેલવા સારૂં ક્રાઈમ બ્રાન્ચ, એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ, સાયબર સેલ અને સ્થાનીક પો.સ્ટે ના અધિકારી/માણસોની અલગ અલગ ટીમો બનાવી ખુબજ ઝીણવટપુર્વક તપાસ શરુ કરી જુદી જુદી દિશામાં પ્રયત્નો હાથ ધરવામાં આવેલ.

આ કામે અલગ અલગ ટીમો દ્વારા બનાવવાળી જગ્યાની વીઝીટ કરતાં અને આ મર્ડર બાબતે પ્રાથમિક દ્રષ્ટીએ પુછપરછ તપાસ કરતાં આ હત્યા કોઈ જાણભેદુ વ્યક્તિ કે જે ફરિયાદીના મકાનની ભૌગોલિક પરિસ્થિતિ તેમજ ઘરની અંદર રાખવામાં આવતી ચીજવસ્તુઓની સ્થિતિ તેમજ ઘરની રોજીંદી ક્રિયાઓ બાબતે પુરેપુરો વાકેફ હોવાના નિષ્કર્ષ ઉપર પહોંચેલ. આ મર્ડર બાબતે ઝીણવટપુર્વક તપાસ હાથ ધરેલ જેમાં બનાવવાળી જગ્યાની આજુબાજુના સી.સી.ટી.વી. ફુટેજ

મેળવવામાં આવેલ જેમાં રસિકલાલ મહેતાની હત્યા કર્યા બાદ તેઓના ઘરના કંપાઉન્ડમાં પાર્ક કરેલ સફેદ કલરની ટોયોટા અલ્ટીસ ગાડી હત્યા કરનાર વ્યક્તિ બહાર લઈને જતો જોવામાં આવેલ. સદર ગાડી કઈ તરફ લઈ જવામાં આવેલ છે તે બાબત ટ્રેસ કરવા માટે આજુબાજુના તેમજ બહાર નીકળવાના રસ્તાઓ ઉપરની દુકાનો, બેંકો, શો-રુમ, બંગલાઓ, સોસાયટીઓ તેમજ પોલીસ કંટ્રોલરુમ ખાતેના સી.સી.ટી.વી. કેમેરાઓના સી.સી.ટી.વી. ફુટેજ મેળવી તપાસ કરતાં આ લુંટમાં ગયેલ ટોયોટા અલ્ટીસ ગાડી પ્રાંતિજ ટોલટેક્ષ થઈ વાંટડા (શામળાજી નજીક) ટોલટેક્ષ થઈ રાજસ્થાન તરફ ગયેલ હોવાનું જણાઈ આવતાં વધારાની ટીમોને રાજસ્થાન ખાતે ડેપ્યુટ કરવામાં આવેલ અને સદર લુંટમાં ગયેલ ગાડીને આગળ ક્યાં સુધી ગયેલ તે બાબતે રોડ ઉપરની હોટલો, દુકાનો, પેટ્રોલપંપો, ટોલનાકાઓના આશરે ૨૦૦ જેટલા સી.સી.ટી.વી. ફુટેજ ચેક કરી આશરે ૨૫૦ કિ.મી.વિસ્તાર ના જુદી જુદી જગ્યાઓના સી.સી.ટી.વી.કેમેરાની ફુટેજ આધારે તપાસ કરતાં આ ગાડી રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના ચાંદરવાડા ગામ સુધી નજરે પડેલ. તે બાદ આ ગાડી ગામડાના અંતરિયાળ રસ્તાઓ તરફ ગયેલ હોવાનું જણાયેલ. જેથી આરોપી રાજસ્થાનના બાંસવાડા જિલ્લા તરફનો રહેવાસી હોવાના નિષ્કર્ષ ઉપર તમામ ટીમો તેમજ સીનીયર અધિકારીઓ પહોંચેલ.

બાદ અન્ય ટીમો દ્વારા ફરિયાદીના ઘરની આજુબાજુના વિસ્તારના સી.સી. ટી.વી. ફુટેજ મેળવી છેલ્લા ૧૫ દિવસમાં ફરિયાદીના ઘરમાં શંકાસ્પદ વ્યક્તિઓની અવર જવર બાબતે તપાસ કરવામાં આવેલ જેમાં બનાવના થોડા દિવસ અગાઉ એક શંકાસ્પદ વ્યક્તિની ચહલપહલ જણાઈ આવેલ તેમજ બનાવના દિવસના આગલી રાત્રિના સમયે પણ એક શંકાસ્પદ વ્યક્તિ ઘરમાં પ્રવેશતો જણાઈ આવેલ. જે શંકાસ્પદ વ્યક્તિની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે ફરિયાદી શ્રી તેમજ તેઓના પરિવારના સભ્યો, નોકર-ચાકર તેમજ સગા-સંબંધીઓની પુછપરછ કરવામાં આવેલ અને તેઓના ઘરમાં અગાઉ કામ કરી ગયેલ નોકર-ચાકર ઈસમો અંગેની માહિતી એકત્રિત કરવામાં આવેલ તેમજ ફરિયાદીની સોસાયટીમાં તેમજ આજુબાજુના વિસ્તારની અન્ય સોસાયટીઓના બંગલાઓમાં રહેતા જુના તેમજ હાલના ઘરઘાટીઓના નામ સરનામાં, મોબાઈલ નંબર સહિતની માહિતી એકત્રિત કરવામાં આવેલ.

બાદ શંકાસ્પદ વ્યક્તિ ફરિયાદીના મકાનમાં બે અલગ અલગ દ્વિવસોએ રાત્રિના સમયે પ્રવેશેલ હોવાનું જણાઈ આવતાં અને તે વ્યક્તિ પાસે મોબાઈલ ફોન હોવાનું જણાઈ આવતાં આ વ્યક્તિનો મોબાઈલ નંબર આઈડેન્ટીફાય કરવા માટે સદર જગ્યાના મોબાઈલના ટાવરોના ડેટા મંગાવી તેનું ગહન એનાલીસીસ કરવામાં આવેલ

ઉપરોક્ત તમામ ફિલ્ડ ઉપરની ટીમોના પ્રયત્નો તેમજ ટેકનીકલ એનાલીસીસના અંતે આ ગુન્હો ફરિયાદીના બંગલામાં અગાઉ ઘરઘાટી તરીકે કામ કરી ગયેલ વ્યક્તિ શાંતિલાલ નાએ કરેલ હોવાનું બહાર આવેલ જેથી રાજસ્થાન ખાતે ડેપ્યુટ કરવામાં આવેલ ટીમો કે જેઓ ગાડી જે જગ્યાએ છેલ્લે સી.સી.ટી.વી. માં દેખાયેલ તે વિસ્તારના આસપાસના ગામડાઓમાં ગાડીની શોધમાં હતા તે દરમ્યાન આરોપીના ઘરના ચોક્કસ નામ સરનામા તેમજ ફોટોગ્રાફ મળેલ જે આરોપી શાંતિલાલ હક્કા ચરપોટે રહે.ગામ માંઝીયા, તા.ઘરી, જિ.બાંસવાડા, રાજસ્થાન વાળાનું ગામ, ટોયોટા અલ્ટીસ ગાડી છેલ્લે જે જગ્યાએ સી.સી.ટી.વી. માં દેખાયેલ તે ગામ ચાંદવાડા, જિ.બાંસવાડાથી ૩૦ કિલોમીટર દુર હોવાનું જણાયેલ બાદ રાજસ્થાન ખાતે ડેપ્યુટેડ તમામ ટીમોને તેના ગામના આસપાસના વિસ્તારમાં ગોઠવાઈ જવા માટે અને ત્યાં સતત વોચ રાખવા માટે ઉપરી અધિકારીશ્રીઓ દ્વારા જરુરી સુચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવેલ અને ઉપરી અધિકારીશ્રીઓ રાજસ્થાન ખાતે

ડેપ્યુટેડ ટીમો સાથે સતત સંપર્કમાં રહેલ અને રાજસ્થાન ખાતે ડેપ્યુટેડ ટીમોને સતત જરૂરી ટેકનીકલ ઈનપુટ્સ પણ આપવામાં આવેલ તે આધારે આજરોજ આ કામનો આરોપી શાંતિલાલ હક્કા ચરપોટે રહે.ગામ માંઝીયા, તા.ધરી, જિ.બાંસવાડા, રાજસ્થાન વાળો તેના ઘરેથી નીકળેલ હોવાની બાતમી મળેલ અને તમામ ટીમો તેની પાછળ વોચમાં લાગેલ અને આરોપીને આ કામે લુંટમાં ગયેલ ટોયોટા અલ્ટીસ ગાડી સાથે રાજસ્થાન ખાતેથી પકડી પાડવામાં આવેલ છે.

પકડાયેલ આરોપી શાંતિલાલ હક્કા ચરપોટેની ઝીણવટપુર્વક પુછપરછ તપાસ કરતાં તે આશરે દોઢેક વર્ષ પહેલાં આ કામના ફરિયાદીના બંગલામાં ઘરઘાટી તરીકે કામ કરતો હતો અને છેલ્લા ઘણા સમયથી તે કોઈ કામધંધો કરતો ન હોય જેથી આર્થિક ભીંસમાં હતો અને તેને પૈસાની ખુબજ જરુર હોય તેણે મનોમન લુંટનો પ્લાન બનાવેલ જે પ્લાનમાં આરોપીએ રસિકલાલ મહેતા કે જે તેના જુના શેઠ હતા અને તેઓના ઘરમાં નાણાંકીય લેવડ દેવડ તેઓજ કરતા હોય તેઓને તેઓના ઘરમાં જઈ લુંટવાનો પ્લાન બનાવેલ આ લુંટના પ્લાનના ભાગરુપે આજથી આશરે સત્તર અઢાર દિવસ પહેલાં તે ફરિયાદીનાં પત્ની રુપલબેને રુબરુ તેઓના બંગલે મળવા માટે આવેલ અને જણાવેલ કે તે હાલ કોઈ કામ કરતો નથી અને કામની શોધમાં છે કોઈને ત્યાં કામ હોય તો અપાવવા માટે આજીજી કરેલ અને તેજ દિવસે તે મરણ જનાર રસીકલાલ મહેતાને પણ મળેલ અને ઔપચારિક વાતચીત કરી તેઓના ખબર અંતર પુછેલ અને તેણે આ સમયે બંગલાની રેકી પણ કરી દીધેલ બાદ તા.૧૭/૦૮/૨૦૧૭ ના રોજ સાંજના સાડા આઠેક વાગ્યાના સુમારે ફરીથી તે એક બેગ લટકાવી ફરિયાદીના બંગલામાં પ્રવેશેલ અને રેકી કરી ગતિવિધી જોઈ થોડીવારમાં જતો રહેલ બાદ તા.૨૫/૦૮/૨૦૧૭ ના રોજ તેણે રસિકલાલ મહેતાના બંગલામાં લુંટ કરવા માટે ગયેલ ત્યારે રસિકલાલ મહેતાનો રુમ કે જે બંગલાની આગળની બાજુએ છે તેનો દરવાજો ખુલ્લો જોવામાં આવતાં તે રુમની અંદર ઘુસી ગયેલ તે વખતે રસિકલાલ મહેતા બાથરુમમાં હતા આરોપીએ રુમમાં પ્રવેશ કરી તુરતજ રુમમાંના ટેબલના ખાનાંઓ ફંફોળી તેમાં રાખેલ પૈસા લેવાની કોશિષ કરેલ તે દરમ્યાન ટેબલ ઉપરની કેટલીક વસ્તુઓ નીચે પડી જતાં જોરથી અવાજ આવતાં બાથરુમમાં ગયેલ રસિકલાલ મહેતા અવાજ સાંભળી બહાર આવતાં આરોપીએ તેમને જોરથી ધક્કો મારેલ જેથી રસિકલાલ મહેતા નીચે પડી ગયેલ અને જોરજોરથી બુમો પાડવા લાગેલ જેથી આરોપીએ તેઓનો અવાજ બંધ કરવા તેઓના મોંઢામાં કપડાનો ડુચો નાખી દીધેલ અને તેમને ઘસડીને બાથરુમ તરફ લઈ ગયેલ અને તેઓના મોંઢા ઉપર ઓશીકું દબાવી દીધેલ અને થોડીવારમાં રસિકલાલ મહેતાનું હલન ચલન બંધ થઈ ગયેલ બાદ આરોપી ઘરની રોજીંદી ક્રિયાઓથી જાણકાર હોય અને તેના ફેમીલી મેમ્બર જ્યારે પણ બહારથી મોડા આવે ત્યારે રસિકલાલ મહેતાના રુમની બારીમાંથી તેઓ જાગે છે કે સુતા છે તે જોવાની આદત ધરાવતા હોય આરોપીએ રુમમાંના બેડ ઉપર ગોળ ઓશીકાઓ ગોઠવી તેના ઉપર ચાદર ઓઢાડી દીધેલ જેથી ફેમીલી જ્યારે બહારથી આવે ત્યારે તેઓને રસિકલાલ સુતા છે તેવું જણાઈ આવે અને તેઓ રુમમાં પ્રવેશે નહિ. બાદ આરોપી ઉપરોક્ત પ્રક્રિયા કરી રુમમાં સંતાઈનેબેસી રહેલ બાદ તા.૨૫/૮/૨૦૧૭ ના આશરે પોણા બાર એક વાગ્યાના આસપાસ રસિકલાલના ફેમીલી મેમ્બર બહારથી આવેલ હોવાનું તેને જણાઈ આવેલ અને આરોપી ઘરની રોજીંદી ક્રિયાઓ જાણતો હોય અને તમામના સુવા અને જાગવાના સમયથી વાકેફ હોય અને ફરિયાદી તેમજ તેમનાં પત્ની આશરે એકથી દોઢ વાગ્યાની આસપાસ સુઈ જતાં હોય આરોપીએ આશરે બે વાગ્યાની આસપાસ ઘરમાં સંપુર્ણ શાંતિ જણાતાં અને તમામ સભ્યો સુઈ ગયેલ હોવાની ખાત્રી થતાં તેણે રસિકલાલના રુમમાં આવેલપૈસા રાખવાનું શેફ તોડવાની કોશિષ કરેલ પરંતુ તુટેલ નહિ જેથી બાજુના કબાટમાં રહેલ ચાંદીના સિક્કાજુના રાણી

સિક્કાઓ તેમજ ચાંદીની વસ્તુઓ લઈ પોતાના થેલામાં મુકી દીધેલ બાદ આરોપીએ બંગલામાં રાખવામાં આવતી તેઓની મોંઘી ગાડી પણ લઈ જવાનું નક્કી કરેલ જેથી ઘરમાં જે જગ્યાએ ગાડીઓની ચાવીઓ રહેતી હતી તેમાંથી બે ગાડીઓની ચાવી પોતાના પાસે લઈ લીધેલ અને પોતાને અલ્ટીસ ગાડીની ચાવી કઈ છે તે બાબતે જાણ ન હોય રસિકલાલના રુમમાં આવી ચાવીમાંના સેન્ટ્રલ લોકનું બટન દબાવતાં અલ્ટીસ ગાડીની ચાવીની ચોક્સાઈ થતાં અન્ય ગાડીની ચાવી રસિકલાના રુમમાં મુકી દીધેલ અને અલ્ટીસ ગાડીની ચાવી લઈ અલ્ટીસ ગાડી ચાલુ કરી પોતે ચલાવી રિવર્સમાં બંગલાની બહાર કાઢી પોતે ગાડી લઈ ત્યાંથી પ્રાંતિજ શામળાજી, રતનપુર થઈ પોતાના ગામ માંજીયા તા.ઘરી પ્રતાપગઢ, જિ.બાંસવાડા, રાજસ્થાન ખાતે જતો રહેલ હોવાની કબુલાત આપેલ છે. અને આ લુંટ કર્યા બાદ પોતાને પોલીસ પક્ડી લેશે તેવા ડરથી તે પોતાના ગામની આજુબાજુના વિસ્તારમાં છુપાતો ફરતો હતો. હાલમાં આ આરોપીની પુછપરછ તપાસ ચાલુ હોય તેણે આ સિવાય બીજા આવા કોઈ ગુના આચરેલ છે કે કેમ? તે બાબતે સઘન પુછપરછ તપાસ ચાલુ છે

**<u>સરદારનગર પોલીસ સ્ટેશન :</u>**

આજરોજ અમદાવાદ શહેર ના મે. પોલીસ કમિશ્નર શ્રી તથા અધિક પો. કમિશ્નર સેકટર ૨ સાહેબના હુકમથી તથા ઝોન-૪ સા શ્રી તથા મ.પો.કમિશ્નર શ્રી 'જી'ડીવીજન નાઓની માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ શ્રી એચ.બી ઝાલા સાહેબ તથા પો.ઇન્સ શ્રી એન.એન.ચાવડા સાહેબ નાઓની સુચનાથી પો.સ.ઇ. પી.જે.ખરસાણ તથા મ.સ.ઇ. અરવિંદસિંહ શંકરસિંહ બ.ન.૬૪૦૯ તથા હેડ.કોન્સ. જીવણભાઇ મેઘજીભાઇ બ.નં.૭૫૫૦ તથા પો.કો. દર્શનસિંહ પ્રવિણસિંહ બ.નં. તથા બીજા સ્ટાફના માણસો સાથે સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તાર માં પેટ્રોલીંગ માં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૯/૩૦ વાગે કુબેરનગર ઉમા સ્કુલ પાસે આવતા સાથેના અ.હેડ.કો. જીવણભાઇ મેઘજીભાઇ બ.નં.૭૫૫૦ તથા પો.કો. દર્શનસિંહ પ્રવિણસિંહ બ.નં.૬૧૫૬ નાઓએ સંયુક્ત બાતમી હકીકત આપેલ કે " એક ઇસમ જેણે શરીરે આછા સફેદ કલરનુ શર્ટ જેમા આછા સિલેટીયા-પીળા કલરની ઉભી-આડી લાઇનીંગ વાળુ શર્ટ તથા સીલેટીયા કલરનુ પેન્ટ પહેરેલ છે તે ઇસમ તેના કબજાનુ બજાજ પલ્સર મોટર સાયકલ કુબેરનગર આઇ.ટી.આઇ. અંડર બ્રીજ તરફથી ચલાવી લાવીને અત્રે થઇ કુબેરનગર સંતોષીનગર તરફ જનાર છે જેની પાસેનુ મો.સા. તેણે ચોરી અગર છળ કપટથી મેળવેલ છે " જે હકીકત આધારે પંચો રુબરુ મિતેષ રમેશભાઇ સુતરીયા (પરમાર) ઉ.વ.૨૯ રહેવાસી- ગામ- તાજપુર, વેરાઇ માતાના મંદીરની બાજુમા, તા-પ્રાતીજ જી- સાબરકાંઠા ની પાસેથી બજાજ કંપનીનું પલ્સર નં.**GJ-09-CT-8973** કિ.રૂ ૪૦,૦૦૦/-નુ પંચનામા વિગતે સી.આર.પી.સી. કલમ-૧૦૨ મુજબ તપાસ અર્થે કબજે કરી પ્રાંતીજ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૨૬/૧૭ આઇપીસી કલમ ૩૭૯ મુજબ નો ગુનો ડીટેકટ કરી કાયદેસર ની કાર્યવાહી કરેલ છે. આમ, સરદારનગર પોલીસ દ્વારા વાહન ચોરી ડીટેકટ કરી પ્રસંશનિય કામગીરી કાર્યવાહી કરેલ છે. તા.૩૦/૧૧/૨૦૧૭.

## **"જે" ડિવીઝન સ્કોર્ડ :**

રીઢા વાહન ચોરને ચોરીના વાહન સાથે ઝડપી પાડતી અમદાવાદ શહેરની 'જે' ડિવીજન સ્કોડ

'જે' ડિવિજન વિસ્તારમાં બનતા વાહન ચોરી ના બનાવો ન બને તેમજ બનેલ ગુના શોધી કાઢવા સારૂ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ શ્રી ડી.બી.વાઘેલા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી આર.ટી.સુશ્રા સાહેબ નાઓ તરફથી મળતી સુચનાઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જે' ડીવીજન શ્રી. વી.એમ.જાડેજા સાહેબ નાઓના સીધા માર્ગદર્શન હેઠળ 'જે'ડિવીજન સ્કોડના માણસોને આજરોજ અમદાવાદ શહેર વિસ્તાર માંથી વાહન ચોરી કરનાર ગુનેગાર ને ઝબ્બે કરવામાં સફળતા મળેલ છે.

જેમાં 'જે' ડીવીજન સ્કોડ ના પો.કોંન્સ.મહેશભાઇ કરશનભાઇ બ.નં-૨૫૬૯ તથા પો.કોન્સ.મજબુતસિંહ ધનશ્યામસિંહ નાઓને સયુક્ત બાતમી મળતા જે બાતમી આધારે વોચમા રહી એક ઈસમ નામે વિરેન્દ્ર સ/ઓ હેમસિંગ જાતે-પલાસ ઉ.વ-૨૧ રહે-ડી/૪૭ વિમાના દવાખાનાની પાસે કાચા છાપરામા વિંઝોલ કોસિંગ ફેસ-૦૨ જી.આઇ.ડી.સી.વટવા અમદાવાદ શહેર <u>મુળ વતન</u>:અબલોડ(જરલા ફળીયુ) તા-ગરબાદા જી:દાહોદ નાને આજરોજ તા-૩૦/૦૮/૧૭ ના કલાક ૧૮/૩૦ વાગે જી.આઇ.ડી.સી.વટવાબ્રીજના નીચે રામાપીરના મંદિર પાસે જાહેર રોડ ઉપરથી એક સ્પ્લેન્ડર પ્લસ મો.સા.નંબર-GJ-01-SN-4229 તથા એક નંબર પ્લેટ વગર ની સ્પ્લેન્ડર પ્લસ મો.સા.જેનો એન્જીન નંબર જોતા-HA10EWFHL58786 અને ચેચીસ નંબર-MBLHA10BVFHL01196 જેવો વંચાય છે.જે બંન્ને મો.સા.ની કિ.રૂ.૬૦,૦૦૦/૦૦ ના મુદ્દામાલ સાથે મળી આવેલ હોય સદરી બાબતે CRPC કલમ ૪૧(૧) ડી મુજબની કાર્યવાહી કરી તપાસ કરતા સદરી આરોપીએ સદરી બન્ને મો.સા. વસ્ત્રાપુર માથી ચોરી કરેલ હોઇ જે સબંધે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૭૧/૧૭ તથા ૨૨૦/૧૭ ધી.ઈ.પી.કો.-કલમ-૩૭૯ મુજબ ગુનો દાખલ થયેલ જે બંન્ને ગુના ડીટેક્ટ થવા પામેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

રીવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી રીવરફ્રન્ટ(ઇસ્ટ) પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.